Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्

ઈ–દક્ષિણાયન
Dakshinayan e-Newsletter
For Private Circulation Only



Vol. 15, Issue. 261, May 2024

**પ્રિય વાચક મિત્રો,**

લોકશાહી શાસનપદ્ધતિમાં મતદારો દ્વારા પ્રતિનિધિઓને પસંદ કરવાની પ્રક્રિયા. આધુનિક સમયમાં 'લોકોની લોકો દ્વારા ચાલતી અને લોકોને જવાબદાર એવી સરકાર'. એમ જ્યારે લોકશાહીની વ્યાખ્યા આપવામાં આવે છે ત્યારે તેમાં પ્રતિનિધિઓની મતદારો દ્વારા થતી પસંદગી અથવા ચૂંટણી અભિપ્રેત છે. આધુનિક સમયમાં નિર્ણય લેવાની પ્રક્રિયામાં સીધી સામેલગીરી કે પ્રત્યક્ષ લોકશાહી શકય નથી. પરોક્ષ અથવા પ્રાતિનિધિક લોકશાહીમાં નિશ્ચિત સમયના અંતરે મતદારો પ્રતિનિધિઓને પસંદ કરે અથવા તેમાં ફેરફાર કરે, એ પ્રક્રિયાને ચૂંટણી કહી શકાય. આમ પરોક્ષ અથવા પ્રાતિનિધિક લોકશાહીની વ્યાખ્યામાં જ ચૂંટણી અભિપ્રેત છે. લોકશાહી શાસનપદ્ધતિમાં ચૂંટણી મહત્વની ભૂમિકા ભજવે છે.

પ્રથમ તો, ચૂંટણી શાસનકર્તાઓને પસંદ કે નાપસંદ કરવાનું તથા તેમની ફેરબદલ કરવાનું શાંત, બંધારણીય અને અહિંસક સાધન છે. નિશ્ચિત સમયને અંતરે મતદારો પોતાના પ્રતિનિધિઓને પસંદ કરે છે. તેમનાં કાર્યોનું મૂલ્યાંકન કરે છે તથા એમને અથવા એમના સ્થાને બીજાઓને ચૂંટે છે. ચૂંટણી લોકશાહીને ચરિતાર્થ કરતી એક રાજકીય પ્રક્રિયા છે. લોકશાહી જ એવી શાસનપદ્ધતિ છે, જેમાં સત્તાનો આધાર અથવા દાવો કોઈ ગુણવિશેષમાં નહિ પણ સંખ્યા પાસે છે. કુળવાન કુટુંબમાં જન્મ, સંપત્તિ, વિદ્યા અથવા જ્ઞાન, શારીરિક બળ જેવા સત્તાના અન્ય દાવાને સ્થાને સામાન્ય લોકોનાં (સંખ્યાના) દાવાને સત્તાસ્થાને સ્થાપવાની ભૂમિકા ચૂંટણી બજાવે છે. આમ, સમાજના રાજકીય સત્તામાળખામાં ધરખમ ફેરફારો કરવાની કામગીરી ચૂંટણી દ્વારા શકય બને છે.

ચૂંટણીમાં સમાજમાં વિવિધ ક્ષેત્રોમાં પ્રવર્તતા લોકમતની આધારપત્ર પારાશીશીની ભૂમિકા ભજવે છે. દેશના વિવિધ પ્રશ્નો અને એ માટેના ઉકેલો જુદા જુદા રાજકીય પક્ષો ચૂંટણી ટાણે લોકો સમક્ષ રજૂ કરે છે. લોકો મત દ્વારા એ પરત્વે પોતાનો અભિપ્રાય વ્યકત કરે છે. આમ, અમુક ચોક્કસ સમયે ચૂંટણી સમાજમાં પ્રવર્તતા લોકમતનું પ્રતિબિંબ પાડે છે.

ચૂંટણી સામાન્ય લોકોને રાજકારણમાં સક્રિય રસ લેતા કરે છે, એમનું રાજકીયીકરણ કરે છે અને રાજકીય પ્રથામાં તેમની ભાગીદારી અંકે કરવાની ભૂમિકા ભજવે છે સામાન્ય રીતે રાજકારણથી અસ્પૃષ્ટ રહેતા વિવિધ લોકસમૂહને રાજકીય પ્રવાહમાં ખેંચી આણવાનું અને એ દ્વારા એમને એમની રાજકીય શકિતથી સભાન કરવાનું કામ ચૂંટણી બજાવે છે. ચૂંટણી લોકશાહી શાસનપદ્ધતિને લોકસ્વીકૃતિ (Legitimacy) અર્પે છે. ચૂંટણીમાં મતદાનની ટકાવારી એ લોકશાહી પ્રથામાં લોકસમર્થનનું એક માપ રજૂ કરે છે. લોકશાહી શાસનપદ્ધતિમાં શાસનકર્તાઓ અથવા તેમનો પક્ષ જે સત્તા ભોગવે છે, તેનું કારણ લોકોએ તેમને તે કામ માટે પસંદ કર્યા છે, એ છે. આમ, ચૂંટણી રાજકીય સત્તાને ઔચિત્ય અને સ્વીકૃતિ પ્રદાન કરે છે.

માનવ ઇતિહાસમાં ચૂંટાયેલા પ્રતિધિઓ સર્વેસર્વા બની તમામ રાજકીય નિર્ણયો લે તેવી ક્ષમતા પાર્લમેન્ટ વિકસાવી હતી. લોકશાહી પદ્ધતિના વિકાસમાં બ્રિટનની આ સૌથી મોટી દેણગી છે. સંસદીય સર્વોપરિતા તેની પ્રમુખ લાક્ષણિકતા છે. તે કાયદાના ઘડતરમાં, જૂના કાયદા રદ કરવામાં કે તેમાં ફેરફાર કરવા અંગે સંપૂર્ણ અને આખરી સત્તા ધરાવે છે. વળી સૌથી મહત્વની બાબત એ પણ છે કે, ઘડાયેલા કોઈ પણ કાયદાને અદાલતમાં પડકારી શકાતો નથી. અદાલતે કાયદો જેવો હોય તેવો સ્વીકારવો પડે છે. કાયદેસરતાની દ્રષ્ટિએ સંસદ સર્વોચ્ચ છે. બીજા શબ્દોમાં તેનો અર્થ એ છે કે જ્યારે જરૂર ઊભી થાય ત્યારે સંસદ બંધારણસભા રૂપે કાર્ય કરે છે તેમજ એ માટે કોઈ વિશેષ કાર્યવાહી આવશ્યક નથી. આમ, તે જગતની સૌથી શકિતશાળી સંસદ છે.

રાષ્ટ્રના સંદર્ભે 'સ્વ' નો મહિમા ત્રણ સ્વરૂપોમાં અભિવ્યકત થાય છે – 'સ્વ' ધર્મ, 'સ્વ' રાજ અને 'સ્વ' દેશી.

ઉદાહરણરૂપે સ્વરાજમાં 'સ્વ' કયાં પડેલું છે? તેમાં રહેલા 'સ્વ' ઉપર પ્રકાશ પાડતાં શ્રદ્ધેય આંબેડકરજી એ કહેલું કે, 'સ્વરાજથી વધુ મહત્વપૂર્ણ પ્રશ્ન સ્વરાજ અંતર્ગત હિન્દુઓને બચાવવાના છે. મારા વિચારથી હિન્દુ સમાજ જ્યારે એક જાતિહીન સમાજ બની જશે, ત્યારે તેની પાસે સ્વયંને બચાવવાની એક મોટી શકિત હશે. આ આંતરિક તાકાત વગર હિન્દુઓ માટે સ્વરાજ, ગુલામી તરફનું કેવળ એક ડગલું હશે.' (સંપૂર્ણ વાંગ્મય ખંડ–૧). સ્વરાજમાં હિન્દુસ્થાનના હિન્દુઓ અને હિન્દુઓની સમરસતા, એ 'સ્વ'નું એક અમૂલ્ય સ્વરૂપ છે.

ભારત વર્ષમાં લોકશાહીનો સંદર્ભ પ્રાચીનકાળથી કોઈને કોઈ સ્વરૂપમાં જોવા મળે છે, લોકશાહીમાં સમાજની મહત્વપૂર્ણ ભાગીદારી રહેલી છે. સ્વતંત્રતાના ૭૮ વર્ષ થયા છે અને શાસન વ્યવસ્થામાં સમયનુકુળ બદલાવ આવશ્યક છે. દેશ સ્વતંત્ર થયેલ પરંતુ 'સ્વ'ની સ્થાપના જે રીતે થવી જોઈતી હતી તેમાં ખૂબ લાંબો સમય થયો છે,આમ છતાં વખતો વખત શાસન વ્યવસ્થા દ્વારા બદલાવ થયા છે તંમાં એક મહત્ત્વપૂર્ણ શિક્ષણ પ્રણાલીમાં 'સ્વ'નું તંત્ર સ્થાપન થાય તે માટે વર્ષ–૨૦૨૦માં રાષ્ટ્રીય શિક્ષણનીતિના અમલથી થયેલ છે તે એક આનંદદાયક–આવકારદાયક છે.

**દિનાંક ૧ જુન, ૨૦૨૪**

**(ડૉ. કિશોરસિંહ એન. ચાવડા)**
**કાર્યકારી કુલપતિશ્રી**

## વિશ્વવિદ્યાલય સમાચાર

### ભારતીય પરંપરા અનુસાર દીક્ષાંત સમારોહનું આયોજન કરવામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સમગ્ર દેશમાં અગ્રેસર




AICTE દ્વારા દિનાંક ૦૩/૦૫/૨૦૨૪ના રોજ નવી દિલ્હી ખાતે દીક્ષાંત સમારોહમાં ભારતીય પરંપરા અંગે રાષ્ટ્રીય કક્ષાના વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સમગ્ર દેશની ૧૨૦૦ જેટલી વિશ્વવિદ્યાલયોમાંથી માત્ર ૧૨ વિશ્વવિદ્યાલયોને પ્રેઝન્ટેશન માટે પસંદ કરવામાં આવેલ હતી, આ ૧૨ વિશ્વવિદ્યાલયો પૈકી એક વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની પસંદગી કરવામાં આવેલ હતી.

ભારતમાં શિક્ષણ શરૂ કરતા પહેલા વિદ્યારંભ સંસ્કારની પરંપરા રહી છે અને શિક્ષણ પૂર્ણ કર્યા પછી સમવર્તન સંસ્કાર કરવામાં આવે છે. આપણા દેશમાં શિક્ષણની શરૂઆત અને પૂર્ણ કરવાની બંને બાબતો મૂલ્યો સાથે જોડાયેલી છે અને આ જ મુલ્યવર્ધક શિક્ષણ પર રાષ્ટ્રીય શિક્ષણનીતિ–૨૦૨૦માં વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

ઓલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન (AICTE), ભારતીય શિક્ષણ પ્રણાલી વિભાગ, શિક્ષણ મંત્રાલય શૈક્ષણિક અભ્યાસક્રમોમાં ભારતીય સંસ્કૃતિના વિવિધ પાસાંઓનો સમાવેશ કરવા માટે સતત કાર્યશીલ છે. અખિલ ભારતીય ટેકનિકલ એજ્યુકેશન કાઉન્સિલ (AICT), એસોસિએશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે દિનાંક ૩/૫/૨૦૨૪ના રોજ દીક્ષાંત સમારોહના પોશાક અને પદ્ધતિમાં ફેરફાર કરવા તેમજ જે વિશ્વવિદ્યાલયો દીક્ષાંત સમારોહનું ભારતીય પરંપરા અને સંસ્કૃતિને અનુરૂપ આયોજન કરી રહી છે તેના માટે ખાસ એક દિવસની રાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા વિશ્વવિદ્યાલયમાં દીક્ષાંત સમારોહમાં ભારતીય પરંપરા અને સંસ્કૃતિને અનુરૂપ કરવામાં આવેલ વિવિધ બાબતોને લઈ પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવેલ હતું, જેને નિહાળી અન્ય વિશ્વવિદ્યાલયોમાંથી ઉપસ્થિત રહેલ કુલપતિશ્રીઓ, અધ્યક્ષશ્રીઓ, પ્રાધ્યાપકો અને પ્રતિનિધિઓ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાને આ ગૌરવશાળી પ્રસંશનીય કાર્ય બદલ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ભારતીય પરંપરાને અનુસરીને છેલ્લા બે વર્ષથી ૪ (ચાર) દીક્ષાંત સમારોહનું આયોજન કરી રહી છે. વિશ્વવિદ્યાલયે પ્રાચીન ભારતીય સાંસ્કૃતિક પરંપરાને પ્રોત્સાહન આપવા માટે ઋષિકુમારો દ્વારા સંસ્કૃતમાં સરસ્વતી અને ગણપતિ વંદના, અગ્નિહોત્ર, તૈત્તિરીય ઉપનિષદ શિક્ષાવલ્લી આચાર્ય ઉપદેશ, વૈદિક રાષ્ટ્રગીતને દીક્ષાંત સમારોહનો અભિન્ન ભાગ બનાવ્યો છે.

આ ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દ્વારા વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં પ્રકૃતિ સંરક્ષણના હેતુથી ઔષધીય ગુણો ધરાવતી ગાયના છાણાં સાથે ઋષિકુમારો દ્વારા અગ્નિહોત્ર, પંડિતો દ્વારા શંખનાદથી મહેમાનોનું સ્વાગત અને કાર્યક્રમની શરૂઆત, કુમકુમ અક્ષત તિલક, ઔષધીય ગુણો ધરાવતા તુલસીના છોડ અને યજ્ઞોપવિત આપીને આતિથ્ય સાથે મહેમાનો અને કુમકુમ અક્ષત તિલક સાથે વિદ્યાર્થીઓનું સ્વાગત અને શુભેચ્છાઓ, મહેમાનોને અતિથિ ભેટમાં અયોધ્યાધામ શ્રીરામ મંદિરનું સ્મૃતિચિહ્ન, કુલપતિશ્રીનું સંસ્કૃતમાં ઉદબોધન, પરંપરાગત પોશાકને પ્રાધાન્ય – देश की आन खादी, देश की बान अंगवस्त्र, देश की शान पगड़ी વગેરેનો સમાવેશ પદવીદાન સમારંભમાં કરવામાં આવેલ છે.

### વહીવટી સ્ટાફને "પ્રાયોરીટાઈઝેશન એન્ડ ટાસ્ક મેનેજમેન્ટ" વિષય પર તાલીમ આપવામાં આવી



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીના માર્ગદર્શનથી મહિનાના દર બીજા અને ચોથા શનિવારે વહીવટી સ્ટાફ માટે તાલીમનું આયોજન કરવામાં આવે છે. તેના ભાગરૂપે તા. ૨૫/૫/૨૦૨૪ ચોથા શનિવારના રોજ વહીવટી સ્ટાફ માટે એચ.આર.ડી. વિભાગના સંયોજક ડૉ. ભાવેશ વાણપરીયા દ્વારા તાલીમનું આયોજન કરવામાં આવેલ હતું. તેમના દ્વારા "પ્રાયોરીટાઈઝેશન એન્ડ ટાસ્ક મેનેજમેન્ટ" વિષય પર કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમનો ઉદેશ વહીવટી કામગીરી સાથે વ્યકિતગત વિકાસ, સમય વ્યવસ્થા, કાર્યનું સંચાલન અને કાર્ય પ્રવર્તનમાં મદદ કરે

છે. આ તાલીમની મદદથી વહીવટી સ્ટાફ તેમના કાર્યોને પ્રાથમિકતા આપી શકે છે અને તેમના કામગીરીને કાર્યક્ષમ અને પ્રભાવશાળી રીતે સંચાલિત કરી શકે છે.

ડૉ. ભાવેશ વાણપરીયા દ્વારા આ તાલીમ ચાર ટાસ્કમાં સંપૂર્ણ વિષય ઝીણવટપૂર્વક અનેક ઉદાહરણો આપીને આવરી લેવામાં આવ્યો હતો. તેમાં પ્રથમ ટાસ્કમાં, કામ અને અકામ અને અન્યની અપેક્ષાઓ સમજો અને તે પ્રમાણે કાર્ય કરવું કે જેથી કાર્યની પારદર્શિતા જળવાઈ રહે, દ્વિતીય ટાસ્કમાં, દરેક કાર્યમાં કૌશલ્ય એ બધું સર્વત્ર છે અને કોઈ પણ કાર્ય સતત કરવાથી કૌશલ્ય વિકાસ પામે છે, તૃતીય ટાસ્કમાં, હરીફાઈ હંમેશાં માનવ જીવનની સુધારણા છે. હરીફાઈ સામે ટકી રહેવું અને વધારે સારું કાર્ય કઈ રીતે કરવું તે દિન પ્રતિદિન વિકસિત થતી ટેકનોલોજી અને AIના ઘણા ઉદાહરણો દ્વારા સમજાવ્યું. ચતુર્થ ટાસ્કમાં, ભવિષ્ય તદ્દન અનિશ્ચિત અને અત્યંત ગતિશીલ છે. કયારે કઈ પરિસ્થિતિ આવે અને તેનો કઈ રીતે સામનો કરવો તે પ્રકારના સંદર્ભમાં ઊંડાણપૂર્વક સમજાવ્યું હતું. તાલીમ દરમિયાન ૧૦૦ જેટલા વહીવટી કર્મચારીઓએ ભાગ લીધો હતો.

## વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે વિદેશી વિદ્યાર્થીઓનો ગેટ ટુગેધર કાર્યક્રમ યોજાયો







વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત ખાતે દિનાંક ૦૪ મે, ૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અંગ્રેજી વિભાગના સેમિનાર હોલમાં વિદેશી વિદ્યાર્થીઓ માટે ગેટ ટુગેધર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ખાતે ૧૧ દેશોના કુલ ૫૩ વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ કાર્યક્રમનો હેતુ વિવિધ દેશોના વિદ્યાર્થીઓને એક સાથે લાવવા અને તેઓને વિશ્વવિદ્યાલયમાં કોઈ પણ સમસ્યા સર્જાતી હોય તો તેમનું નિરાકરણ લાવવાનો હતો. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયના માનનીય કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, મદદનીશ કુલસચિવશ્રી ડૉ. પ્રકાશ બચ્ચરવાલા, ડૉ. સુનિલ શાહ, વિભાગીય વડાશ્રીઓ તથા વિદેશી વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો. વિદેશી વિદ્યાર્થીઓએ તેનો ખૂબ આનંદ માણ્યો હતો. વિદેશી વિદ્યાર્થીઓએ પોત પોતાના અનુભવો શેર કર્યા અને વિશ્વવિદ્યાલયમાં તેમના રોકાણ દરમિયાન તેમને મળેલી મૈત્રી અને આતિથ્ય બદલ આભાર માન્યો.

## ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય રોલ બોલ ચેમ્પિયનશીપમાં વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા



"આપણી વિશ્વવિદ્યાલય, આપણું ગૌરવ" એ વાતને યથાર્થ રીતે સાબિત કરતા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓની ઝળહળતી સફળતા દિનાંક ૧૫ થી ૧૭ મે, ૨૦૨૪ દરમિયાન તમિલામ્ડુ, શારીરિક શિક્ષણ અને સ્પોર્ટ્સ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજીત ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય રોલ બોલ (M & L) ચેમ્પિયનશીપમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ હતો. આ ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય રોલ બોલ (M) ચેમ્પીયનશીપ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય V/S યુનિવર્સિટી ઓફ કેરલા વચ્ચે યોજાઈ હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનો સ્કોર – ૪ અને યુનિવર્સિટી ઓફ કેરલાનો સ્કોર – ૨ રહ્યો હતો. જેથી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય ઓલ ઇન્ડિયા ઈન્ટર વિશ્વવિદ્યાલય રોલ બોલ (M) ચેમ્પિયનશીપ અત્યંત ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને ગોલ્ડ મેડલ હાંસલ કર્યા છે. એટલું જ નહિ પરંતુ દિનાંક ૧૫ થી ૧૭ મે, ૨૦૨૪ દરમિયાન તમિલનાડુ, શારીરિક શિક્ષણ અને સ્પોટર્સ વિશ્વવિદ્યાલય દ્વારા યોજાયેલ ઓલ ઈન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય રોલ બોલ (W) ચેમ્પિયનશીપમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ પણ સિલ્વર મેડલ હાસલ કરેલ છે. આ તમામ વિદ્યાર્થીઓની અતિ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના માનનીય કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓએસડી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ તેમજ સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર તરફથી દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને આગળના પ્રયત્નો માટે શુભેચ્છાઓ પાઠવી છે.

## વિશ્વવિદ્યાલયના ૬૦માં સ્થાપના દિવસની ઉજવણી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય દિનાંક ૨૩/૦૫/૨૦૨૪ના રોજ ૬૦ માં સ્થાપના દિવસ નિમિત્તે વિદ્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય એ તેના ૫૯ વર્ષ સફળતાપૂર્વક પસાર કરી ૬૦માં વર્ષમાં પ્રવેશ કર્યો છે જે વિશ્વવિદ્યાલય સાથે સંકળાયેલ તમામ માટે ગૌરવની વાત છે. આ કાર્યક્રમમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટનાં સભ્યોશ્રીઓ, એકિસકયુટિવ કાઉન્સિલનાં સભ્યોશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, દાતાશ્રીઓ, ભૂતપૂર્વ સિન્ડિકેટ સભ્યશ્રીઓ, ભૂતપૂર્વ સેનેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, વહીવટી વિભાગનાં વડાશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, શૈક્ષણિક–બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં માર્ગદર્શન હેઠળ અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ કાર્યક્રમને અનુરૂપ ઉદ્દબોધન આપ્યું અને ૫૯ વર્ષોના તમામ લોકોના યોગદાનને સન્માનિત કર્યા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનો તથા ભૂતપૂર્વ સિન્ડિકેટ/સેનેટ સભ્યશ્રીઓ, ડીનશ્રીઓ, વહીવટી વિભાગનાં વડાશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, શૈક્ષણિક– બિનશૈક્ષણિક કર્મચારીશ્રીઓને ખેસ અને પુસ્તક આપીને સન્માનિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં ઓલ ઈન્ડિયા આંતર વિશ્વવિદ્યાલયમાં મેળવેલ સિદ્ધિ બદલ રમતવીરોને ટ્રોફી અને મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિશ્વવિદ્યાલયના સમર કેમ્પમાં ભાગ લેનાર રમતવીરો દ્વારા આદિવાસી નૃત્ય અને યોગાસન કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં વિવિધ કૉલેજોના વિદ્યાર્થી દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.























## વિશ્વવિદ્યાલય ખાતે "ABHA CARD - (આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ)" કેમ્પ યોજાયો

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આરોગ્ય સેન્ટર દ્વારા વિશ્વવિદ્યાલયના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ દિનાંક ૨૨ મે, ૨૦૨૪ના રોજ શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હોલ ખાતે "ABHA CARD - આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ)" કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી સંદિપભાઈ દેસાઈ (૧૬૮–ચોર્યાસી વિધાનસભા ધારાસભ્ય) ઉપસ્થિત રહ્યા હતા. વિશ્વવિદ્યાલયના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, એન.એસ.એસ. સંયોજક તથા યુવક કલ્યાણ અને શારીરિક શિક્ષણ વિભાગના ઓએસડી ડૉ. પ્રકાશચંદ્ર પટેલ, આરોગ્ય સેન્ટરના ડૉ. કૈલાશબેન સોલંકી, ડૉ. અજીત મહેશ્વરી તથા વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ હાજર રહ્યા હતા. કેમ્પમાં ઉપસ્થિત સૌને ABHA CARD કઈ રીતે કાઢવું તેની પ્રક્રિયા જણાવવામાં આવી હતી અને સૌને આભા કાર્ડ કાઢી આપવામાં આવ્યા હતા.

આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ (આભા) કાર્ડને લઈ લોકોએ હવે વધુ આરોગ્ય સેવા સગવડતા પ્રાપ્ત કરવી સરળ થઈ છે. આ કાર્ડ આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM)નો ભાગ છે, જે તમારા આરોગ્ય રેકોર્ડને ડિજિટલ રીતે સંગ્રહિત કરવા અને મેનેજ કરવા માટે બનાવવામાં આવ્યો છે. ત્યાર બાદ આભા કાર્ડના ફાયદા જણાવવામાં આવ્યા હતા. જેમ કે, સ્વાસ્થય રેકોર્ડની ખાનગી અને સુરક્ષિત સંભાળ, આ કાર્ડથી તમે તમારા આરોગ્ય રેકોર્ડને ડોકટરો અને હોસ્પિટલો સાથે સરળતાથી શેર કરી શકો છો, જેનાથી વધુ સારી અને ઝડપી સારવાર મેળવવામાં સહાય થાય છે, આભા કાર્ડ તમારી ડિજિટલ રીતે માહિતી સાચવે છે, જેનાથી કાગળ પર આધારિત દસ્તાવેજોની જરૂરિયાત ઘટે છે, વીમા પ્રક્રિયા સરળતા: આ કાર્ડનો ઉપયોગ વીમા કંપનીઓ સાથે પ્રક્રિયા ઝડપી અને સરળ બનવવા માટે પણ થાય છે, જેના કારણે વ્યકિતને સમયસર સારવાર મળી શકે છે.








## ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય રોલ બોલ ચેમ્પીયનશીપમાં બાયોટેકનોલોજી વિભાગની વિદ્યાર્થીનીની સફળતા

દિનાંક ૧૫ થી ૧૭ મે, ૨૦૨૪ દરમિયાન તમિલનાડુ શારીરિક શિક્ષણ અને રમતગમત વિશ્વવિદ્યાલય, ચેન્નાઈ દ્વારા ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય રોલ બોલ (ભાઈઓ અને બહેનો) ચેમ્પીયનશીપ ૨૦૨૩–૨૪ યોજાઈ હતી. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બાયોટેકનોલોજી વિભાગની બી.એસ.સી. બાયોટેકનોલોજી સેમેસ્ટર–૬ની વિદ્યાર્થીની હીર પરેશભાઈ ગોધાણીની પસંદગી કરવામાં આવી હતી. રોલ બોલ ભાઈઓ અને બહેનોની પ્રથમ વિશ્વવિદ્યાલય પસંદગી દિનાંક ૨૮/૪/૨૦૨૪ના રોજ યોજાઈ હતી ત્યારબાદ તેણીને તાલીમ માટે વિશ્વવિદ્યાલય દ્વારા પસંદ કરવામાં આવી હતી અને પસંદગી રાયન ઇન્ટરનેશનલ સ્કૂલ, મગદલ્લા ખાતે થઈ

હતી. તેણીએ ઓલ ઇન્ડિયા ઇન્ટર વિશ્વવિદ્યાલય રોલ બોલ (બહેનો) ચેમ્પિયનશીપમાં અત્યંત ઉત્કૃષ્ટ પ્રદર્શન દ્વારા 2nd રેન્ક હાંસલ કરીને "આપણી વિશ્વવિદ્યાલય, આપણું ગૌરવ" એ વાતને યથાર્થ રીતે સાબિત કરી છે.

તેણીની અતિ ઉત્કૃષ્ટ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, બાયોટેકનોલોજી વિભાગના વડાશ્રી ડૉ. ગૌરવ શાહ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર અને બાયોટેકનોલોજી વિભાગ પરિવાર અભિનંદન અને આગળના પ્રયત્નો માટે શુભેચ્છાઓ પાઠવે છે.



**VNSGU Admissions Details about the Academic Year 2024-2025 for UG, PG and Integrated Programs that are to be Processed through GCAS**

| UG COURSES | | | |
|---|---|---|---|
| **Sr. No.** | **Program Name** | **Total Intake** | **Total Colleges/ Department** |
| 1 | Bachelor of Arts | 24550 | 52 |
| 2 | Bachelor of Commerce | 27816 | 73 |
| 3 | Bachelor of Science | 11370 | 44 |
| 4 | Bachelor of Science (Computer Science) | 395 | 5 |
| 5 | Bachelor of Science (Home Science) | 300 | 1 |
| 6 | Bachelor of Business Administration | 5400 | 26 |
| 7 | Bachelor of Computer Application | 9350 | 38 |
| 8 | Bachelor of Rural Studies | 450 | 6 |
| 9 | Bachelor of Rural Studies (SD) | 75 | 1 |
| 10 | Bachelor of Interior Design | 150 | 1 |
| 11 | Bachelor of Fine Arts | 150 | 1 |
| 12 | Bachelor of Vocation In Information Technology (Honours) | 75 | 1 |
| 13 | Bachelor of Social Work | 150 | 2 |
| 14 | Bachelor of Arts Journalism and Mass Communication | 38 | 1 |
| | **Total UG Intake** | **80269** | |

| INTEGRATED COURSES | | | |
|---|---|---|---|
| **Sr. No** | **Program Name** | **Total Intake** | **Total Colleges/ Department** |
| 1 | B.Sc. (Bio Technology) (M.Sc. (Bio technology) 5 year Integrated course) | 90 | 1 |
| 2 | B.Sc. (I.T) (M.Sc. (I.T) 5 Year Integrated Course) | 264 | 1 |
| 3 | B.com. LL.B (Honors) 5 Year Integrated Course | 150 | 1 |
| | **Total Integrated Intake** | **504** | |

| PG COURSES | | | |
|---|---|---|---|
| **Sr. No** | **Program Name** | **Total Intake** | **Total Colleges/ Department** |
| 1 | Master of Arts (English) | 698 | 8 |
| 2 | Master of Social Work | 455 | 5 |
| 3 | Master of Arts (Sociology) | 372 | 4 |
| 4 | Master of Arts (Hindi) | 955 | 10 |
| 5 | Master of Arts (History) | 427 | 5 |
| 6 | Master of Arts (Sanskrit) | 691 | 8 |
| 7 | Master of Arts (Economics) | 808 | 9 |
| 8 | Master of Arts (Home Science) | 44 | 1 |
| 9 | Master of Arts (Psychology) | 243 | 4 |
| 10 | Master of Arts ( Human Resource Development) | 75 | 1 |
| 11 | Master of Arts (Comparative Literature) | 51 | 1 |
| 12 | Master of Arts (Mass Communication) | 38 | 1 |
| 13 | Master of Arts (Political Science) | 75 | 1 |
| 14 | Master of Arts (Gujarati) | 1507 | 17 |
| 15 | Master of Labour Welfare | 38 | 1 |
| 16 | Master of Arts In (Public Administration) | 88 | 1 |
| 17 | Master of Science (Chemistry) | 1975 | 24 |
| 18 | Master of Science (Microbiology) | 464 | 8 |
| 19 | Master of Science (Mathematics) | 643 | 6 |
| 20 | Master of Science (Zoology) | 163 | 5 |
| 21 | Master of Science (Botany) | 205 | 6 |
| 22 | Master of Science (Physics) | 129 | 2 |
| 23 | Master of Science (Computer Application) | 150 | 3 |
| 24 | Master of Science (Aquatic Biology) | 38 | 1 |
| 25 | Master of Science (Information & Communication Technology) | 75 | 1 |
| 26 | Master of Science (Artificial Intelligence & Machine Learning) | 50 | 1 |

| | | | |
|---|---|---|---|
| 27 | P.G.Diploma in Medical Laboratory Technology | 455 | 8 |
| 28 | P.G.Diploma in Corporate Social Responsibility | 38 | 1 |
| 29 | Post Graduate Diploma in Research Methodology | 38 | 1 |
| 30 | Master of Optometry | 36 | 2 |
| 31 | Master of Management Studies | 75 | 1 |
| 32 | Master of Commerce (Marketing Management) | 88 | 1 |
| 33 | Master of Commerce (Statistics) | 163 | 3 |
| 34 | Master of Commerce (Financial & Management Accounting) | 3357 | 27 |
| 35 | Master of Business Administration (Evening) | 38 | 1 |
| 36 | Bachelor of Education | 1755 | 27 |
| 37 | Master of Arts in Hindu Studies | 75 | 1 |
| 38 | Post Graduate Diploma in Molecular and Biochemical Technology | 25 | 1 |
| 39 | Post Graduate Diploma in Journalism | 44 | 1 |
| 40 | Master of Education | 110 | 1 |
| 41 | Master of Arts (Human Resource Management & Labour Relations) | 38 | 1 |
| 42 | P.G.Diploma in Human Resource Management | 38 | 1 |
| 43 | Master of Library & Information Science | 44 | 1 |
| 44 | Master of Science (Statistics) | 38 | 1 |
| 45 | Master of Science (Applied Statistics) | 50 | 1 |
| 46 | P.G.Diploma in Computer Application | 38 | 1 |
| 47 | Bachelor of Library & Information Science | 50 | 1 |
| 48 | LL.M | 405 | 4 |
| 49 | Bachelor of Law (Ll.B) | 2100 | 7 |
| 50 | Master of Science (Nursing) | 162 | 7 |
| 51 | Master of Physiotherapy | 76 | 5 |
| 52 | Master of Rural Studies | 55 | 1 |
| 53 | P.G.Diploma In Toxicology | 50 | 1 |
| 54 | Post Graduate Diploma in Natural Resource Management | 38 | 1 |
| 55 | Post Graduate Diploma In Climate Change and Rural Society | 38 | 1 |
| 56 | Post Graduate Diploma in Rural Development | 38 | 1 |
| 57 | Master of Social Work | 126 | 1 |
| | **Total PG Intake** | **20134** | |

| | |
|---|---|
| **Total UG Intake** | **80269** |
| **Total Integrated Intake** | **504** |
| **Total PG Intake** | **20134** |
| **Total Intake (UG+Integrateed+PG)** | **100907** |

## Department of Economics

### ARTHA e-NEWSLETTERનાં બે અંકોનું અનાવરણ કરવામાં આવ્યું



વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગમાં દિનાંક ૮/૫/૨૦૨૪નાં રોજ "ARTHA e-NEWSLETTER"નાં બે અંકોનું અનાવરણ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીનં વરદહસ્તે કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી હાજર રહ્યા હતા. પ્રસ્તુત e-NEWS Letter "ArthA"માં અર્થશાસ્ત્ર વિભાગમાં ચાલતી વિવિધ પ્રવૃત્તિ, સિદ્ધિ (સપ્ટેમ્બર થી જાન્યુઆરી ૨૦૨૩–૨૪) દરમિયાન થયેલી તમામ માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. "ARTHA e-NEWSLETTER"નાં દરેક અંકની સોફટકોપી વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયની વેબસાઈટ પર અર્થશાસ્ત્ર વિભાગનાં પેજ પર ઉપલબ્ધ છે.

### "Certificate Course on Stock Market"ની બીજી બેચનો શુભારંભ

દિનાંક ૦૮/૦૫/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના અર્થશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીનાં માર્ગદર્શન અને પ્રયાસ દ્વારા વિદ્યાર્થીઓ માટે "Certificate Course on Technical Analysis in Stock Market in Cash and Positional Stock: Batch-2"ના અનાવરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા સાહેબ, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ડૉ. શૂરવીરસિંહ ઠાકોર, કોર્ષનાં માર્ગદર્શક ડૉ. તેજસ શાહ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કોર્ષનાં સંયોજક ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત અતિથીગણશ્રી અને કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનાં શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનું સ્વાગત વિભાગીય અધ્યક્ષ ડૉ.ગૌરાંગ ડી. રામી દ્વારા પુષ્પગુચ્છ, વીર નર્મદ પ્રતિકૃતિ અને પુસ્તક આપીને

કરવામાં આવ્યું હતું. કુલસચિવ ડૉ. રમેશદાન ગઢવી, ડૉ. તેજસ શાહ અને ડૉ. શૂરવીરસિંહ ઠાકોરનું સ્વાગત ડૉ. મનિષ આર. પટેલ દ્વારા પુસ્તક ભેટ સ્વરૂપે આપીને કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રસ્તુત કોર્સ વિષે તથા પ્રથમ બેચ વિષે ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા માહિતી પૂરી પાડવામાં આવી હતી સાથે નવા બેચમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને કોર્સ દ્વારા નવા કૌશલ્ય વિકસાવવા અને આર્થિક ઉપાર્જન મેળવવા માટે પ્રોત્સાહન પૂરું પડયું હતું. કાર્યક્રમને આગળ વધારતા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી દ્વારા કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી અને વિભાગ દ્વારા સતત નવી નવી પ્રવૃત્તિઓ થતી રહે તે માટે પ્રોત્સાહન આપ્યું હતું. ત્યારબાદ કાર્યકારી કુલપતિશ્રી દ્વારા કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓને આર્થિક રોકાણ અને ઉપાર્જન મેળવી વ્યવહારિક જીવનમાં પ્રગતિ કરવા માટે આશિર્વચન પૂરું પાડવામાં આવ્યું હતુ, વધુમાં તેમણે અર્થશાસ્ત્ર વિભાગને વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયમાં ગૌરવ અપાવનારું વિભાગ જણાવીને અર્થશાસ્ત્ર વિભાગની શોભા વધારી હતી. પ્રસ્તુત કાર્યક્રમમાં Certificate Course on Technical Analysis in Stock Market in Cash and Positional Stock: Batch-2માં પ્રવેશ મેળવનાર દરેક વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.















## Department of Law

### કાનુનશાસ્ત્ર વિભાગમાં વિદાય સમારંભ યોજાયો





દિનાંક : ૦૧/૦૫/૨૦૨૪ના રોજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયનાં કાનુનશાસ્ત્ર વિભાગમાં બી.કોમ, એલ.એલ.બી. (Hons) સેમેસ્ટર–૧૦ તથા એલ.એલ.એમ. સેમેસ્ટર–૪ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તેમજ ભૂતપૂર્વ એલ્યુમિની મીટનો કાર્યક્રમ કાનુનશાસ્ત્ર વિભાગ ખાતે સવારે ૧૦:૦૦ વાગ્યે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં વિશ્વવિદ્યાલયનાં માનનીય ઇ.ચા.કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ

ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કાનુનશાસ્ત્ર વિભાગના સંયોજક ડૉ. યશોધરા ભટ્ટનાં પ્રાસંગિક ઉદ્બોધનથી થઈ. ત્યારબાદ કુલપતિશ્રી કિશોરસિંહ ચાવડાએ આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓને તેમના સુખદ ભવિષ્ય માટે તેમજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને શુભકામનાઓ આપી. કાર્યક્રમ દરમ્યાન કાનુનશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપકોએ વિદ્યાર્થીઓ જોડે પોતાનો અનુભવ વહેંચ્યો અને વિદ્યાર્થીઓએ પણ પોતાના અભ્યાસ દરમ્યાન થયેલ અનુભવોનું કથન કર્યું. કાર્યક્રમમાં શૈક્ષણિક વર્ષ દરમ્યાન વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો પણ આપવામાં આવ્યાં અને કાર્યક્રમની પુર્ણાહૂતી રાષ્ટ્રગાન કરીને કરવામાં આવી.

## Department of Commerce

### ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ દ્વારા "Advanced Data Analysis Techniques (MS Excel, Jamovi, and R Programming )"નો પ્રમાણપત્ર અભ્યાસક્રમનો ૨ મે, ૨૦૨૪ના રોજ શુભારંભ થયો





વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગના સંયોજક ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ "Advanced Data Analysis Technoques" નામના નવા પ્રમાણપત્ર અભ્યાસક્રમનો શુભારંભ કરવામાં આવ્યો. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, કોર્સ ઇન્ચાર્જ (રિસોર્સ પર્સન) ડૉ. અનીલભાઈ મૈસુરીયા અને કોર્સ સંયોજક પ્રો. મેહુલ રાઠી ઉપસ્થિત રહ્યા હતા. આ કોર્સ વિદ્યાર્થીઓને MS Excel, Jamovi and R Programming જેવા ટૂલ્સનો ઉપયોગ કરીને ડેટા વિશ્લેષણમાં વ્યવહારું કૌશલ્યથી સજ્જ કરવા માટે રચાયેલ છે. આજના ડેટા–સંચાલિત વિશ્વમાં, જટિલ ડેટાનું વિશ્લેષણ અને અર્થઘટન કરવાની ક્ષમતા એ વિવિધ ઉદ્યોગોમાં ખૂબ જ જરૂરી કૌશલ્ય છે. આ કોર્સનો હેતુ વાસ્તવિક–વિશ્વના ડેટા વિશ્લેષણ સાધનો સાથે હાથ પર અનુભવ પ્રદાન કરીને શૈક્ષણિક શિક્ષણ અને ઉદ્યોગની આવશ્યકતાઓ વચ્ચેના અંતરને દૂર કરવાનો છે. આ કોર્સ કર્યા પછી વિદ્યાર્થીઓ પોતાના Ph.D.ના સંશોધનમાં તેમજ પ્રોજેક્ટ સંશોધનમાં પણ ખૂબ જ સારી રીતે ઉપયોગ કરી શકશે.આ ઉપરાંત ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સમાં M.Com (Accountancy & Special Statistics) જેવા રેગ્યુલર અભ્યાસક્રમો પણ ચલાવવામાં આવે છે.

### કોમર્સ વિભાગ દ્વારા NSS અંતર્ગત સફળતાપૂર્વક NSS Summer Activity પૂર્ણ કરી








વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના વાણિજ્ય વિભાગ દ્વારા ભાટપોર ગામલ તાલુકો (ચોર્યાસી) મુકામે કોમર્સ વિભાગના સંયોજક ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કરના માર્ગદર્શન હેઠળ પ્રો. મેહુલ રાઠી દ્વારા યોજાયેલ ત્રિદિવસીય

"NSS Summer Activity"ના સફળ સમાપનની જાહેરાત કરતાં આનંદ થાય છે. દિનાંક ૨૯ એપ્રિલ થી ૧ મે, ૨૦૨૪ દરમિયાન યોજાયેલી આ ઇવેન્ટનો હેતુ વિદ્યાર્થીઓમાં સમુદાય સેવા અને સામાજિક જવાબદારી ભાવનાને ઉત્તેજન આપવાનો હતો. વાણિજ્ય વિભાગના ૨૫ જેટલા એન.એસ.એસ.ના સ્વયંસેવકો ૩ દિવસ NSS Summer Activityમાં સ્વચ્છતા અભિયાન, શિક્ષણની જાગૃતતા, સંસ્કૃતિક કાર્યક્રમ, કરાટે (સેલ્ફ ડિફેન્સ), યોગા, વિજ્ઞાનના પ્રયોગો, વ્યસન મુકિત તેમજ સામાજિક કાર્યક્રમો કરી ગ્રામજનો અને ગામના વિદ્યાર્થીઓમાં જાગૃતિ ફેલાવી હતી. આ સાથે–સાથે ગામની નગર પ્રાથમિક શાળામાં એન.એસ.એસ.ના સ્વયં સેવકોએ વૃક્ષારોપણ અને રંગકામ કરી શાળાને ખૂબ જ સુંદર અને મનમોહક બનાવી હતી.


વાણિજ્ય વિભાગના સંયોજક ડૉ. ફાલ્ગુની એમ. ઠક્કર જણાવ્યું હતું કે, અમને અમારા વિદ્યાર્થીઓના ઉત્સાહ અને સમાજમાં પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતા પર ખૂબ ગર્વ છે. "NSS સમર એકિટવિટી તેમના સમર્પણ અને સખત મહેનતનો પુરાવો છે."

વાણિજ્ય વિભાગ પ્રાથમિક શાળાના આચાર્ય શ્રીમતી ઉષા પટેલ અને માધ્યમિક શાળાના આચાર્ય શ્રી હિતેશ ભાઈના યોગદાન વતી એમનો ખૂબ આભાર માને છે. તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના માનનીય કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કે.એન.ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી તમામ સ્વયંસેવકો અને સમગ્ર કોમર્સ વિભાગને શુભેચ્છાઓ પાઠવે છે.

## Department of Biotechnology

### બાયોટેકનોલોજી વિભાગના સ્નાતકકક્ષાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષા GATE-B માં નોંધપાત્ર સફળતા મેળવી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતના બાયોટેકનોલોજી વિભાગના સ્નાતક કક્ષાના ૧૦ જેટલા વિદ્યાર્થીઓએ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાત્મક પરીક્ષા GATE-Bમાં નોંધપાત્ર સફળતા સાથે દેશભરમાં સારા ક્રમાંક મેળવી વિભાગ તથા વિશ્વવિદ્યાલયના નામનો ડંકો વગાડયો છે, કે જેમણે GSBTM દ્વારા પ્રાયોજિત Capacity Building Cell સેલમાં ૧૫ દિવસીય તાલીમ લીધી હતી. બાયોટેકનોલોજી વિભાગના ડૉ. રેખા ગઢવી (સંયોજકઃ BT-CBC) અને ડૉ. માનસી મહેતા (સહ–સંયોજકઃ BT-CBC) દ્વારા ૧૫ દિવસીય તાલીમ કાર્યક્રમના અસરકારક અમલીકરણ અને સફળતા માટે સુનિશ્ચિત ઝીણવટભર્યું આયોજન, સૂક્ષ્મ માર્ગદર્શન અને અથાગ પ્રયાસો કરવામાં આવ્યા હતા. આ તાલીમ દિનાંક ૦૪ થી ૧૮ ડીસેમ્બર, ૨૦૨૩ દરમિયાન યોજાઈ હતી. તાલીમ દરમિયાન ૮૯ જેટલા વિદ્યાર્થીઓને ૫૦ જેટલા વિષય તજજ્ઞ શિક્ષકોએ તાલીમ આપી હતી. ડૉ. અનુસુયા ભાડલકર, ડૉ. મિતાલી ડાબી અને ગુજરાત સરકારનો તેમની ઉદાર સ્પોન્સરશિપ માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય અને બાયોટેકનોલોજી વિભાગ હૃદય પૂર્વક આભાર માને છે કે જેમના થકી તાલીમને ટેકો મળી રહ્યો. શિક્ષણ અંતર્ગત ઉમદા કારકિર્દી બનાવવી અને અમારા વિદ્યાર્થીઓને ટેકો આપવાની તેમની પ્રતિબદ્ધતા માટે અમે અત્યંત આભારી છીએ. વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન ગઢવી, વિભાગના સંયોજકશ્રી ડૉ. ગૌરવ શાહ તથા સમગ્ર વિશ્વવિદ્યાલય પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને નોંધપાત્ર સિદ્ધિઓ બદલ તેમજ વિભાગ અને વિશ્વવિદ્યાલયનું નામ રોશન કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.










## Department of Interior Design

### ઇન્ટિરિયર ડિઝાઈનના વિદ્યાર્થીએ થીસીસ પ્રેઝન્ટેશનમાં VR અને AI સાથે ઇનોવેશનનું પ્રદર્શન કર્યુ






વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના ડિપાર્ટમેન્ટ ઓફ ઇન્ટિરિયર ડિઝાઈનના અંતિમ વર્ષના વિદ્યાર્થી સુથાર રાવલે તાજેતરમાં તેમની ઇનોવેટીવ થીસીસ પ્રેઝન્ટેશન કર્યુ હતું. જે અત્યાધુનિક VR (વર્ચ્યુઅલ રિયાલિટી) અને AI (આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ) ટૂલ્સને સંકલિત કરે છે. રાવલના આ ટેકનોલોજીના ઉપયોગથી તેમને તેમના પ્રોજેક્ટની એક ઇમર્સિવ વૉકથ્રુ બનાવેલ છે, જે AI - જનરેટેડ વૉઇસઓવર સાથે પૂર્ણ થઈ તેમના પ્રેક્ષકો માટે એક અનોખો અનુભવ પ્રદાન કરે છે. જેનાથી જ્યુરી સભ્યો, ફેકલ્ટી અને વિદ્યાર્થીઓ તેમના અભિગમથી ખૂબ જ પ્રભાવિત થયા હતા, પરંપરાગત ડિઝાઈન પ્રસ્તુતિઓને વધારવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં તેમની નિપુણતાની પ્રશંસા કરી હતી. રાવલના થીસીસ માર્ગદર્શકશ્રી અંકિત ચાંગાવાલાએ આ સિદ્ધિને ન્યુ ઈન્ડિયા અને સ્કીલ ઇન્ડિયા ચળવળના તેજસ્વી ઉદાહરણ તરીકે દર્શાવ્યું છે, તથા શિક્ષણ અને વ્યવસાયિક વિકાસમાં તકનિકી પ્રગતિને સ્વીકારવા પર ભાર મૂકયો. રાવલનું VR અને AIનું સફળ સંકલન તેમની ટેકનિકલ નિપુણતા જ દર્શાવે છે, એટલું જ નહી પણ ઇન્ટીરીયર ડિઝાઈનના ક્ષેત્રમાં ઇનોવેટીવ સંભાવનાને પણ રેખાંકિત કરે છે. આ ફોરવર્ડ–થિંકિંગ અને જ્યારે સર્જનાત્મકતા ટેકનોલોજીને મળે ત્યારે આ અભિગમ ભાવિ વિદ્યાર્થીઓ અને વ્યવસાયિકો માટે સકારાત્મક પાસાઓનો ઉદ્ધ કરશે. રાવલની રજૂઆત ટેકનોલોજી અને ડિઝાઈનના ઇન્ટરસેકશનનું ઉદાહરણ આપે છે, જે વિભાગના ભાવિ પ્રોજેક્ટ્સ માટે એક ધોરણ નક્કી કરે છે.

વિશ્વવિદ્યાલયના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવી તથા ઇન્ટિરિયર ડિઝાઈન ડિપાર્ટમેન્ટના સંયોજક શ્રી મેહુલ પટેલ સુથાર રાવલની રચનાત્મકતા અને ઇન્ટિરિયર ડિઝાઈન પ્રત્યે આગળ વિચારના અભિગમની માટે શુભેચ્છાઓ પાઠવે છે.

### વિશ્વવિદ્યાલયના આર્કિટેકચર વિભાગમાં "ડિપ્લોમા ઇન આર્કિટેકચર" અભ્યાસક્રમ શરુ થનાર છે

વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના આર્કિટેકચર, ઇન્ટીરીયર ડિઝાઈન એન્ડ ફાઈન આર્ટસ વિભાગમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચડી કક્ષાના આર્કીટેકચર અને ડીઝાઈન વિષયના અભ્યાસક્મો ચાલે છે. દક્ષિણ ગુજરાતનાં વિદ્યાર્થીઓ કલા અને કૌશલ્યમાં આગળ પડતા હોય છે, માટે ધોરણ ૧૦ પછી ડિપ્લોમામાં પ્રવેશ મેળવીને પોતાની કારકિર્દી બનાવવા ઇચ્છતા વિદ્યાર્થીઓની સંખ્યા બોહળી હોય છે. આથી આવા વિદ્યાર્થીઓની લાગણી અને માંગણીને ધ્યાનમાં લઈ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબ દ્વારા આર્કીટેકચર વિભાગને સૂચન કરવામાં આવેલ હતું તો આ સૂચનને માન આપીને આર્કિટેકચર વિભાગમાં "ડિપ્લોમાં ઇન આર્કિટેકચર" અભ્યાસક્રમ શરૂ થવા જઈ રહ્યો છે. હવે આવા વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ પછી ડિપ્લોમા ઈન આર્કિટેકચર અભ્યાસક્રમમાં અભ્યાસ કરવા માટે તક મળશે. સમગ્ર દક્ષિણ ગુજરાતમાં આ પ્રકારનો ડિપ્લોમાં અભ્યાસક્મ કે જે પબ્લિક વિશ્વવિદ્યાલય દ્વારા ચલાવવામાં આવતો હોય અને કો–એજ્યુકેશન અભ્યાસની તક પુરો પાડતો હોય તેવુ સૌ પ્રથમ વાર બનવા જઈ રહ્યું છે. આ કોર્સની ૨૦૨૪–૨૫ની બેચમાં શરૂ થનાર છે અને માત્ર ૪૦ સીટ જ છે, માટે વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળશે. પ્રવેશને લગતી વધુ માહિતી માટે વિદ્યાર્થીઓ આર્કિટેકચર વિભાગનો સંપર્ક કરી શકે છે.

### રાષ્ટ્રીય કક્ષાના ચિત્ર પ્રદર્શનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલયના બેચલર ઓફ ફાઈન આર્ટ્સના વિદ્યાર્થીઓનો આગવો દેખાવ

Frida Art Gallery, એ રાષ્ટ્રીય કક્ષાની આર્ટ ગેલેરીમાંથી એક છે. જેને ભારત ભરની ૧૦૦ જેટલી કૉલેજોમાંથી ૮ મહાવિદ્યાલયને પસંદ કરી જેમાંથી સુરત સ્કૂલ ઓફ ફાઈન આર્ટસ એક છે જે ખૂબ પ્રશંસનીય છે. વર્ષ ૨૦૨૪–૨૫ની આગવી સિદ્ધિમાં પ્રવેશ કરી રહ્યા હોય, જે દેશની વૈવિધ્યશાળી કાળા શાળામાં આગવું સ્થાન ધરાવે છે. ફ્રિડા આર્ટ હાઉસ, લેવલ–૨, રિટ્ઝ કાર્લટન, પુણે ખાતે દિનાંક ૨૪ મે, ૨૦૨૪ થી ૨૩ જુન, ૨૦૨૪ દરમિયાન યોજાયેલ "આઉટ ઓફ સિલેબસ"માં પેઇન્ટિંગ વિભાગમાંથી ૨૫ જેટલા વિદ્યાર્થીઓની પસંદગી થયેલ હોય, જેની પાછળ સંયોજકશ્રી મેહુલ પટેલ પ્રેરણા સ્ત્રોત છે, તેમજ પેઈન્ટિંગ વિભાગના ફેકલ્ટી માનસી ચાંદીવાળા, દીપ્તિ બટલાવલા તેમજ કીનલ પટેલની અથાગ મહેનતનું પરિણામ છે.

સુરત સ્કૂલ ઓફ ફાઈન આર્ટ્સના અમારા વિદ્યાર્થીઓ વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય સુરત, પ્રખ્યાત


ફ્રિડા આર્ટ ગેલેરીમાં તેમની કૃતિઓનું પ્રદર્શન કરીને, ભવિષ્યના ઉભરતા કલાકારો તરીકે અમારા વિદ્યાર્થીઓના વૈવિધ્યસભર અને પ્રતિભાશાળી જૂથનું પ્રતિનિધિત્વ કરે છે. તેમની રચનાઓ વિવિધ માધ્યમો અને શૈલીઓમાં ફેલાયેલી છે, જે સર્જનાત્મકતા, નવીનતા અને તકનીકી કૌશલ્યના સમૃદ્ધ મિશ્રણને પ્રતિબિંબિત કરે છે. દરેક ભાગ એક અનન્ય વાર્તા કહે છે, જે જુસ્સા અને સમર્પણને મૂર્તિમંત કરે છે જે આ યુવા કલાકારોએ તેમની હસ્તકલામાં રોકાણ કર્યું છે. આ પ્રદર્શન માત્ર તેમની વ્યકિતગત પ્રતિભાને જ પ્રકાશિત કરતુ નથી પરંતુ આપણા શૈક્ષણિક સમુદાયમાં ઉછરેલા કલા જગતના જીવંત ભાવિને પણ દર્શાવે છે. પસંદ પામેલા વિદ્યાર્થીઓને આ સિદ્ધિ બદલ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા અને કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી દ્વાર શુભેચ્છા પાઠવવામાં આવી છે.

"આઉટ ઓફ સિલેબસ"માં પેઇન્ટિંગ વિભાગમાંથી પસંદગી પામેલ વિદ્યાર્થીઓઃ (આસ્થા જરીવાલા, ભાગ્યલક્ષ્મી જાનગીડ, કૃતિ મહેતા, નિલોફર શેખ, અક્ષતા જાડીયા, અંજલી પારેખ, ચાંદની પુરોહિત, ચેતના ચાચન, હિમાંશી પાનવાલા, હિતાંશુ બોરસે, નંદિની પટેલ, નિધી રિંદાની, નિતિશા ઓઝા, પાર્થ લખાની, રઘુવીર પ્રતાપશિઘ, ઉર્વશી સોલંકી, વલ્લભી જરીવાલા, યુકતા વિરડીયા, કેયુરી રનોલિયા, વૃદા પટેલ.)














## મહાવિદ્યાલય સમાચાર

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી.

### ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ (ગુજ/૩૦૧૭/સુરત) દ્વારા ચાલતી બૂક બેંક પ્રવૃત્તિ અંતર્ગત વિદ્યાર્થીઓનો સહકાર

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ (ગુજ/૩૦૧૭/સુરત) દ્વારા ચલાવાતી બૂક બેંક પ્રવૃત્તિ અંતર્ગત દિનાંક ૧–૫–૨૦૨૪ને બુધવારના રોજ એફ.વાય. બી.કોમ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શ્રી મિલન ગોસ્વામી, શ્રી રાજ ચૌહાણ અને શ્રી પવન અસવાર દ્વારા પોતાના અભ્યાસક્રમના પાઠ્યપુસ્તકો–સ્ટડી મટિરિયલ્સ પસ્તીમાં ન આપીને મહાવિદ્યાલય લાયબ્રેરીમાં જમા કરાવી નવા પ્રવેશ મેળવનાર જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મદદ કરવામાં આવી. ભવિષ્યમાં વધુને વધુ વિદ્યાર્થીઓ આ ઉમદા પ્રવૃત્તિમાં સહકાર આપે એવી અપેક્ષા સાથે વિદ્યાર્થીઓને અમરોલી મહાવિદ્યાલય ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ (ગુજ/૩૦૧૭/સુરત), જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી મહાવિદ્યાલય પરિવાર અભિનંદન પાઠવે છે.




### ગુજરાત રાજ્ય વેઈટ લિફ્ટિંગ ખેલ મહાકુંભ (ભાઈઓ) ચેમ્પિયનશીપ ૨૦૨૩–૨૪ માં મહાવિદ્યાલયના વિદ્યાર્થીઓ વિજેતા બન્યો

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના વિદ્યાર્થીઓ અંબુભાઈ પુરાણી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે આયોજિત ગુજરાત રાજ્ય વેઈટ લિફ્ટિંગ ખેલ મહાકુંભ(ભાઈઓ) ચેમ્પિયનશીપ ૨૦૨૩–૨૪ માં ચમક્યા હતા. આ સ્પર્ધામાં (૧) બી.એ. સેમેસ્ટર–૩ના વિદ્યાર્થી શ્રી અક્ષયકુમાર બલદાણીયાએ ૫૫ કિગ્રા કેટેગરીમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો. (૨) બી.એ. સેમેસ્ટર–૧ના વિદ્યાર્થી શ્રી. હર્ષદભાઈ ધંધુકિયાએ ૫૫ કિ.ગ્રા. કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો અને (૩) બી.એ. સેમેસ્ટર–૩ના વિદ્યાર્થી શ્રી. ઉત્સવ મોદીએ ૬૭ કિ.ગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો હતો.

સ્પર્ધાના વિજેતા વિદ્યાર્થીઓને જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના ઇ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી. રાણા, શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ તરફથી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.




### ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલયના અભ્યાસ કેન્દ્રની "અભિમુખતા બેઠક"નું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલીના ઇ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાસાહેબના માર્ગદર્શન હેઠળ ચાલતા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલયના અભ્યાસ કેન્દ્ર (૧૮૨૮ અને ૦૭૯૧૮૧૮)ના વિદ્યાર્થીઓ માટે દિનાંક ૧૧–૦૫–૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૮:૩૦ કલાકે "અભિમુખતા બેઠક" (ફેબ્રુઆરી–૨૦૨૪)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વે વિદ્યાર્થીઓને બેઠકમાં અભ્યાસક્રમને લગતી મહત્વની બાબતો તેમજ પ્રવેશ, પરીક્ષા, સ્વાધ્યાર્થ કાર્ય, પરિણામ અને સ્કોલરશીપ જેવા મહત્વના મુદ્દાઓ વિશે વિગતવાર સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં અભ્યાસ કેન્દ્રના સંયોજક ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરીયા અને સહ–સંયોજક ડૉ. મયંકભાઈ સોઢા તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.



### એ.વી.પટેલ કોમર્સ કૉલેજ, બીલીમોરા.

### પ્રવેશ માર્ગદર્શન સેમીનાર

અત્રેની બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત એ.વી.પટેલ કોમર્સ કૉલેજ ખાતે ધોરણ ૧૨ પાસ થયેલા

વિદ્યાર્થીઓ માટે પ્રવેશ માર્ગદર્શન સેમિનાર દિનાંક ૧૭/૦૫/૨૦૨૪ના રોજ યોજાયો હતો. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પ્રવેશ માટે અમલમાં આવેલ GCAS પોર્ટલ પર વિવિધ વિદ્યાશાખા અને મહાવિદ્યાલયમાં પ્રવેશ માટે અનુસરવાના જરૂરી પગલા અંગે માહિતી પૂરી પાડવામાં આવી હતી. બીલીમોરા વિસ્તારની વિવિધ શાળાના હાજર વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ માટે મહાવિદ્યાલયના ઇ.ચા. આચાર્યશ્રી પ્રા. વર્ષાબેન બી. રાણાના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. ભાવેશ પચ્ચીગર દ્વારા મહાવિદ્યાલયના પ્રવેશ અંગે, પ્રા. ડૉ. હિતેશભાઈ શર્મા દ્વારા ઉજ્જવળ કારકિર્દી અંગે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન અપાયું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા.પૂજા વાઘેલાએ કર્યું હતું. કાર્યક્રમના અંતે પ્રા. હરમિતસિંઘ સરદાર દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.



## નવયુગ કોમર્સ કૉલેજ, સુરત.

### બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલયના નવયુગ કોલેજ અભ્યાસ કેન્દ્ર (કેન્દ્ર નંબર 1835 & 0791823)ના વિદ્યાર્થીઓ માટે અભિમુખતા બેઠક યોજાઈ

નવયુગ વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત નવયુગ કોમર્સ કૉલેજ, રાંદેર રોડ, સુરત દ્વારા મહાવિદ્યાલયના ખૂબ જ સંનિષ્ઠ, ખંતિલા અને દીર્ઘદ્રષ્ટા આચાર્ય ડૉ. વિનોદ પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલય, નવયુગ કોમર્સ કૉલેજ અભ્યાસ કેન્દ્રના વિદ્યાર્થીઓ માટે દિનાંક ૦૫/૦૫/૨૦૨૪ના રવિવારના રોજ સવારે ૧૦ કલાકે અભિમુખતા બેઠક (પ્રવેશ સત્ર ફેબ્રુઆરી–૨૦૨૪)નું આયોજન કરેલ હતું. જેમાં રેગ્યુલર અને વોકેશનલ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.

અભિમુખતા બેઠકની શરૂઆતમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલય, સુરતના આસિસ્ટન્ટ રીજીનલ ડાયરેકટરશ્રી જીતેન્દ્રસિંહ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને આંબેડકર વિશ્વવિદ્યાલય વિશે વિસ્તાર પૂર્વક સમજ તેમજ વિસ્તુત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ સંયોજકશ્રી ડૉ. અનિલભાઈ મૈસુરિયા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન વિશ્વવિદ્યાલયની વેબસાઈટ પરથી વિદ્યાર્થીઓને ઇ–આઈ કાર્ડ, પ્રવેશ પરીક્ષાનાં ફોર્મ, શિષ્યવૃત્તિ, પરીક્ષા સંબંધિત માહિતી, દરેક કોર્સના એસાઈમેન્ટ, બીજી વિશ્વવિદ્યાલયમાંથી ક્રેડિટ ટ્રાન્સફર અંગેની વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પુસ્તકોની સોફ્ટ કોપી ડાઉનલોડ કરીને અભ્યાસ લગતી સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

નવયુગ કોમર્સ કૉલેજના આચાર્યશ્રી ડૉ. વિનોદભાઈ એન. પટેલ અને આંબેડકર વિશ્વવિદ્યાલય અભ્યાસ કેન્દ્ર સંયોજક ડૉ. મેહુલ શાહ દ્વારા કાર્યક્રમને અને વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ હતી.







## C. N. Kothari Homoeopathic Medical College & Research Centre, Vyara

### Report of World No Tobacco Day

C. N. Kothari Homeopathic Medical College and Research Center Vyara celebrated "World No Tobacco Day" by taking pledge of "No Tobacco", under the direction of Government of India, Ministry of Health & Family Welfare. In this events the Pledge "No Tobacco" taken by students & teaching staff of the College.

Whole program was coordinated by Dr.Swapnil Khengar and team of Activity Committee under the successful guidance of Principal Dr. (Mrs) Jyoti R.Rao.







## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### પીએચ.ડી.



ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સિટીઝન કોમર્સ કૉલેજ એન્ડ એસ.પી.બી.સી.બી.એ એન્ડ એસ.ડી.એચ.જી. કૉલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી.નાં Ph.D. સેન્ટરની વિદ્યાર્થિની Rajput Madhulika Hirenને કોમર્સ/એકાઉન્ટન્સી વિષયમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરતમાંથી ડૉક્ટર ઓફ ફિલોસોફી (Ph.D.)ની પદવી એનાયત કરવામાં આવી છે. આ પદવી તેમણે રજૂ કરેલા મહાશોધનિબંધ શિર્ષક "A Study on Stress Management of South Gujarat Police Force" અંગેના સંશોધન કાર્યના ઉપલક્ષમાં એનાયત કરવામાં આવી છે. તેમણે આ સંશોધન કાર્ય ઉધના સીટીઝન કોમર્સ કૉલેજ એન્ડ એસ.પી.બી.સી.બી.એ. એન્ડ એસ.ડી.એચ.જી. કૉલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી., ઉધના આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈના માર્ગદર્શન હેઠળ કર્યુ હતું. જે બદલ ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ તેમજ મહાવિદ્યાલય પરિવારના શૈક્ષણિક તેમજ વહીવટી કર્મચારીઓએ અભિનંદન પાઠવી શુભેચ્છાઓ પાઠવી હતી.

### ઉધના કૉલેજમાં ઇનામ વિતરણ કાર્યક્રમ

ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ઉધના સિટીઝન કોમર્સ કૉલેજ એન્ડ એસ.પી.બી.સી.બી.એ એન્ડ એસ.ડી.એચ.જી કૉલેજ ઓફ બી.સી.એ. એન્ડ આઈ.ટી., ઉધના મહાવિદ્યાલયના કેમ્પસમાં દિનાંક ૧૬/૩/૨૦૨૪ને શનિવારના રોજ ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખશ્રી ભાણજીભાઈ પટેલ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ટ્રસ્ટીશ્રીઓ, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મહાવિદ્યાલયના આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો તથા તેમણે વર્ષ ૨૦૨૩–૨૪ની અહેવાલ રજૂ કર્યો હતો. સપ્તધારા હેઠળ મહાવિદ્યાલય તથા આંતર મહાવિદ્યાલય કક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ, રમતો તથા સ્પર્ધાઓમાં મહાવિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરી હતી. આ વિદ્યાર્થીઓને સમારંભમાં સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફનો સંપૂર્ણ સહકાર મળ્યો હતો.








## વિશ્વવિદ્યાલય મધ્યસ્થ ગ્રંથાલય

### Footfall : Dt. 01-05-2024 to 31-05-2024

| Detail | Description | May-2024 | |
|---|---|---|---|
| User | Visitors | 607 | |
| | Internet Lab User | 27 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 0 | |
| | UG/PG Students | 2 | |
| | Research Scholars | 10 | |
| | Non Teaching Staff | 0 | |
| | Visitors | 8 | |
| | Online User | 0 | |
| | Total | | 654 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| May-2024 | 242 | 329 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર: ખરાઈ પ્રમાણપત્ર (દિનાંક ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2024 | 07 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2024 | 07 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | May-2024 | 07 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in